વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ ડિસેમ્બર, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૧૨

Celebrating 50 ઘનશ્યામ Years of Spirituality

SMVSના આંગણે

# શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ૨૦૨૬નાં વધામણાં




- અનાદિમુક્ત પીઠીકા મહોત્સવ
- અનાદિમુક્ત વિશ્રામ પ્રારંભ મહોત્સવ
- સ્વામિનારાયણ મહામંત્ર રજત દ્વિશતાબ્દી મહોત્સવ
- શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ
- રહસ્યાર્થ વચનામૃત શતાબ્દી મહોત્સવ
- સ્વામિનારાયણ ધામ મંદિર શિલાન્યાસ તથા રજત મહોત્સવ

## છ મહોત્સવનો અનેરો સંગમ




# ઘનશ્યામ

૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૧૨

# GHANSHYAM

10 December, 2025 • Year : 50 • Edition : 12

## અનુક્રમણિકા...

૦૩ દિવ્યવાણી

૦૬ જ્ઞાનસત્ર - ૧૯

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | સાધુ ભક્તવત્સલદાસ |
| મુદ્રક | : | સાધુ પૂર્ણસ્વરૂપદાસ |
| માલિક | : | સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)** |
| મુદ્રણ | : | વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ |
| તંત્રી | : | નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી |
| સહતંત્રી | : | સાધુ રાજીપાસ્વરૂપદાસ |
| સંપાદક | : | સાધુ નિર્ગુણજીવનદાસ |
| લેખનકાર્ય | : | લેખકવૃંદ |
| આદ્ય સ્થાપક | : | શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી) |
| પ્રેરક | : | પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) |

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,
ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

**'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



તા. ૨૮-૧૦-૨૦૨૫ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત

# દિવ્યવાણી

કારણ સત્સંગ એટલે પાત્રતા વધારવાનો સત્સંગ. ધોધમાર વરસતા વરસાદમાં પાણીનો દંદૂડો તો વિશાળ માત્રામાં પડતો હોય પરંતુ નેવા નીચે જેવડું પાત્ર મૂક્યું હોય તેટલું જ પાણી એમાં ઝિલાય. તેમ મહારાજ અને મોટાપુરુષના મુખમાંથી દિવ્યવાણીનો પ્રવાહ તો એકસરખો જ નીકળતો હોય પરંતુ પાત્રતાની તારતમ્યતાએ આપણે તેને ઝીલી શકીએ છીએ. પરભાવી સ્વરૂપોના મુખમાંથી નીકળતી માત્ર વાત ઝીલવા માટે પણ પાત્રતા જોઈએ તો મૂર્તિના સુખને ઝીલવા માટે કેટલી ઊંચી પાત્રતા કેળવવી પડે !? આવી પાત્રતા વધારવા માટેનો પ્રૉજેક્ટ એટલે જ્ઞાનસત્ર. તા. ૨૮-૧૦-૨૦૨૫ના રોજ અર્થાત્ જ્ઞાનસત્ર-૧૯ના પાંચમા દિવસે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અહમ્‌શૂન્ય થવા બાબતે બળપ્રેરક લાભ આપેલો તેની સંક્ષિપ્તમાં ઝાંખી કરીએ.

જેમ સિંહબાળ જ સિંહણના દૂધને ઝીલી શકે તેમ દેહભાવથી પૃથક્ થઈ મૂર્તિભાવમાં રહેનાર પાત્ર જ પરભાવી સ્વરૂપોની વાત અને સુખ ઝીલવા માટે સમર્થ છે. ‘હું’ભાવમાં રાચનાર દેહધારી પરભાવી વાતને સાંભળી શકે પરંતુ તેને ઝીલી ન શકે. માટે ‘હું’પદથી પર થવા અને મુક્તભાવમાં સ્થિર થવા આ જ્ઞાનસત્ર છે.

અહીં ‘હું’પદ એટલે પોતાના અસ્તિત્વનો ખ્યાલ, પોતાપણાના ભાવનો ખ્યાલ, આ લોકમાં મળેલી પદવીનો ખ્યાલ. હું NRI, હું બે છોકરાનો બાપ, હું મૅનેજર... આવી અવરભાવની ઓળખાણ આપી આપણે આપણા દેહભાવને પુષ્ટ કરીએ છીએ. આ નાશવંત, ટૅમ્પરરી ઓળખાણના ખ્યાલમાં આપણે રાચીએ છીએ અને બીજાને પણ તેનો ખ્યાલ અપાવીએ છીએ. પરિણામે આપણી પાત્રતા વધતી નથી.

જ્ઞાનસત્રમાં નવા જ આવેલા એક ભાઈએ અમને (વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને) પોતાની ઓળખાણ આપતાં કહ્યું,

"સ્વામી, મારી ઓળખાણ આપું. હું બૅંકનો મૅનેજર હતો. રિટાયર્ડ થયો છું." અમે પૂછ્યું, "કેટલા વર્ષથી રિટાયર્ડ છો ?" પેલા ભાઈએ કહ્યું, "દસ વર્ષથી." રિટાયર્ડ થયે દસ વર્ષ થયાં તોય હું મૅનેજર છું એ ભુલાતું નથી. મૅનેજરપણાનો ભાવ કેટલો પાકો કરી નાખ્યો હશે ! દેહધારી આવા 'હું'પદ અને 'હું'કારથી ગ્રસ્ત હોય જ્યારે મોટાપુરુષ સર્વાંગ સંપૂર્ણ હોવા છતાં કેવા અહમ્શૂન્ય થઈને વર્તે છે !

એક કિશોરે અમને (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને) પ્રશ્ન પૂછ્યો જે, "ગુરુજી, અમે સ્ટેજ પર દંડવત કરવા આપના માટે આસન પાથરીએ છીએ તેનો આપ કેમ ઉપયોગ નથી કરતા ?" અમે કહ્યું, "ભઈલા, જે દિવસે અમને એમ થશે કે અમે બીજા કરતાં અધિક છીએ. બીજાના ગુરુ છીએ અને આ અમારા શિષ્યો છે. તે દિવસે એનો ઉપયોગ ભરપૂર કરીશું. તે દિવસે અમને લાગશે કે આવડું નાનું આસન ચાલતું હશે ? કો'ક દિવસ પાથરવાનું રહી ગયું હશે તો અંદર સનસનાટી આવશે કે જો કોઈને અમારી પડી નથી. મહિમાનો છાંટોય નથી. અંતરે ઉદ્વેગ-અશાંતિ થશે.

ભલે તમે બધા અમને ગુરુ માનતા હોય પરંતુ અમે નથી માનતા કે અમે તમારા ગુરુ છીએ. મારા, તમારા, સૌના ગુરુ રાજાધિરાજ શ્રીજીમહારાજ છે. અમે એમને જ ગુરુ માનીએ છીએ. અમને કદી ગુરુ છીએ એવો વિચાર જ આવતો નથી."

આ સાંભળી કિશોરે પૂછ્યું, "ગુરુજી, આપ ખરેખર ગુરુસ્થાને છો તો એવું કેવી રીતે બને ?" અમે કહ્યું, "તમને કોઈ દા'ડો વિચાર આવે છે કે તમે સ્ત્રી છો ? ના. તમને જેમ હું પુરુષ જ છું એવું નક્કી થઈ ગયું છે એમ અમને હું દાસ જ છું, સેવક જ છું, પ્રભુમાં મસ્ત જ છું એવું વર્તે છે. જે કાંઈ ઉપાધિ અને પદવીઓ તમે આપો છો એ બધી એમને લઈને છે.

જેમ PMની આગળ CM અહમ્શૂન્ય થઈને જ વર્તે તેમ મહારાજની મોટપના પ્રભાવમાં અમે એટલા બધા દબાયેલા છીએ કે ગાદી સામું નજર જ જતી નથી. છતાં તમારા સૌના ભાવને અંગીકાર કરવા તેનો ઉપયોગ કરીએ પણ છીએ. પરંતુ અમને તેની સ્પૃહા નથી."

સાચા સત્પુરુષનું આ જ લક્ષણ છે કે તેમને કદાચ બધા ભગવાનની જેમ માને-પૂજે તોય તેમને ગમે નહીં. કારણ કે તેઓ પ્રભુમાં સમાઈ ગયા છે. એમને 'હું'પણું છે જ નહીં. 'આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ.' જ્યારે આપણને તો દીકરો માત્ર પપ્પા પપ્પા કહે તો પપ્પાપણાનો ભાવ પણ ભુલાતો નથી હોતો. પરિણામે બાળકો પરનો માલિકી હક (પઝેસિવનેસ) વિશેષ દૃઢ થતો જાય છે.

'ખાલી ઘડો ખખડે બહુ.' એ ન્યાયે આપણે કશું જ ન હોવા છતાં 'હું'કારમાં આવી હું આમ, હું આમ એવા ભાવમાં રાચતા હોઈએ અને સત્પુરુષ સંપૂર્ણ હોવા છતાં અસ્તિત્વને ઓગાળીને વર્તે છે. એ જ એમની વિશાળતા, વિરાટતા અને બડાઈ છે. વ્હાલા ગુરુજી આપણને સ્વવર્તન દ્વારા 'હું'પદ ભૂલી સેવકભાવે વર્તવાની રીત શીખવે છે.

ખરેખર સત્સંગમાં આવી આપણે આપણા 'હું'કારને ઘસવાનો છે. કારણ કે માન-સન્માન તો આખી દુનિયા આપશે પરંતુ સત્સંગના યોગમાં આવી સત્પુરુષ અને સંતો-ભક્તો આગળ 'હું'કાર મૂકી આપણે અહમ્‌ને ઓગાળવાનો છે. સત્સંગ જીવમાં ઊતર્યાનો માપદંડ એ છે કે આપણો 'હું'કાર કેટલો ઘસાયો ? અહમ્ કેટલો ઓગળ્યો ?

જેટલો 'હું'કાર ઘસાય એટલી જ આપણી અધ્યાત્મ માર્ગની પાત્રતા ઊંચી છે. આપણે મોટાપુરુષની વાત ઝીલવા અને મૂર્તિસુખ ઝીલવાને પાત્ર છીએ.

નેપાળના રાજા પ્રસેન્નજિત એક મહાત્માજીનાં દર્શને રસાલા સાથે ગયા. આશ્રમનો દરવાજો ખખડાવ્યો ત્યારે મહાત્માજીએ પૂછ્યું, "કોણ છે ?" ત્યારે પ્રસેન્નજિત રાજા બોલ્યા, "હું રાજા પ્રસેન્નજિત." ત્યારે મહાત્માજીએ "અત્યારે સમય નથી; પછી આવજે" કહી રાજાને પાછા કાઢ્યા. બીજી વખત રાજા ફરી રસાલા સાથે આવ્યા. મહાત્માજીએ પૂછ્યું, "કોણ છો ?" ત્યારે કહ્યું, "હું પ્રસેન્નજિત." છતાં મહાત્માજીએ એવો જ ઉત્તર આપી પાછા મોકલ્યા. ત્રીજી વખતે રાજા એકલા આવ્યા અને કહ્યું કે, "હું આપનો દાસ પ્રસેન્નજિત બોલું છું." ત્યારે મહાત્માજીએ દરવાજો ખોલ્યો ને તેમને ભેટી પડ્યા.

મહાત્માજીએ પ્રસેન્નજિત રાજાનો 'હું'કાર ઘસ્યો.



અહમ્ભાવ કેટલો ટળ્યો તે સત્સંગ જીવમાં ઊતર્યાની નિશાની છે.

રાજાપણાનું, ‘હું’પદનું ભાન ભુલવાડ્યું ત્યારે તેઓ મહાત્માજીને મળવા-દર્શન કરવા પાત્ર બન્યા.

ધન્ય છે મહાત્માજીને જેમણે રાજાની મહોબત રાખ્યા વિના તેમને ‘હું’પદ છોડાવી શુદ્ધ પાત્ર કર્યા !! જેના હૈયામાં એક પુરુષોત્તમનારાયણની મોટપ હોય, જેના રોમ રોમમાં સહજાનંદ સૂર્ય ઊગેલો હોય તેને આ લોકની કઈ મોટપ કે સમૃદ્ધિ સ્પર્શી શકે ! આપણને આપણી અને અન્યની અવરભાવની ઓળખાણ કરાવવાનો હરડો હોય છે પરંતુ સત્પુરુષને તેની કોઈ વૅલ્યૂ હોતી નથી. કારણ કે તેમના રોમ રોમમાં મહાપ્રભુની મોટપનો રજમો ભરેલો હોય છે.

એક વખત આપણા મહાસમર્થ સદ્. મુનિસ્વામી ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજેલા. તેમની પાસે કોઈ હરિભક્તે આવી કહ્યું, “સ્વામી, આ હરિભક્ત લંડનથી આવ્યા છે, આ મસ્કતથી આવ્યા છે, આ કુવૈતથી આવ્યા છે...” આવી ચાર-પાંચ જણની ઓળખાણ કરાવી. ત્યારે સ્વામી નીચું જોઈને એટલું જ બોલ્યા, “એમને ભગવાને જન્મ આપ્યો છે તો ક્યાંક તો રહેતા જ હશે ને !”

આહાહા... જે એક મહારાજની મસ્તીમાં મસ્ત છે. તેમને ભારત ને વિદેશ બેય સમ વર્તે છે.

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે એક સંત કરોડપતિ શેઠને મળવા લઈ આવેલા. તેમણે બાપજી આગળ બે-ત્રણ વખત કહ્યું, “બાપજી, આ કરોડપતિ છે.” ત્યાં જ ગુરુદેવ બોલ્યા, “સ્વામી, તમારો બાપ કેટલા પતિ છે ?”

જે પ્રભુની મસ્તીમાં મસ્ત છે તેને દુનિયાની કોઈ સમૃદ્ધિ અડી શકે જ નહીં.

હજુ આપણને માન જોઈએ છે, સન્માન જોઈએ છે, વાહ વાહની ઈચ્છા રહે છે, વખાણની ઈચ્છા રહે છે એ જ આપણો અહંકાર છે. ‘હું’પદનું ભાન છે કે હું વિદેશનો છું, હું NRI, હું હોશિયાર, હું મૅનેજર, હું કોઈનો પતિ, હું કોઈનો બાપ ત્યાં સુધી મહારાજને ઓળખ્યા જ નથી, મૂર્તિમાં રહેતાં આવડ્યું જ નથી.

કારણ સત્સંગમાં આવી આપણા ‘હું’ભાવને ઘસી મૂર્તિરૂપી અણમોલ ખજાનો આપણી પાસે છે તેના માલિક બની જઈએ તો કોઈ મોટપ અડી શકે જ નહીં.

મહારાજ અને મોટાપુરુષના દિવ્ય ચરણોમાં નિરંતર એક પ્રાર્થના કરવી કે અમને ‘હું કંઈક છું’નો ભાવ ભુલવાડી ‘હું કશું જ નથી’ એવો ન્યૂનભાવ નિરંતર વર્તે એવી કૃપા કરજો.

### શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

## Divine Discipline

**દિવ્ય વાણી**

- સૌને માનવાચક સંબોધન કરીએ. ‘તું’કારો કરવાનું ટાળીએ. આપ, તમે, દયાળુ જેવા શબ્દોનો વધુ ઉપયોગ કરીએ.
- અપમાનજનક શબ્દો ન જ બોલીએ. Sorry, Thank you, Please, આભાર, ધન્યવાદ, Excuse me જેવા શબ્દોનો ઉપયોગ વધુ કરીએ.

**જનરલ શિસ્ત**

- મંદિરમાં કે ઘરમંદિરમાં આહ્નિક સમયે મોબાઇલનો ઉપયોગ ન કરવો. જેમ કે, મંદિરમાં કે ઘરમંદિરમાં આરતી, થાળ, પ્રાર્થના ચાલુ હોય, અઠવાડિક સભા કે ગુરુજીની દિવ્યવાણી ઑનલાઇન કે લાઇવ ચાલુ હોય ત્યારે મોબાઇલનો ઉપયોગ કે વાતચીત ન કરીએ.

‘હું’કારને ઘસવા માટે સત્સંગ છે.



# જ્ઞાનસત્ર-૧૯

"આનંદમાં રહો, સદા આનંદમાં રહો...", "બોલ્યા શ્રીહરિ રે...", "અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...", "મારા મહારાજ મારા મહારાજ...", "એક આચરજ સરખું રે...", "સવળો વિચાર કરીએ અને સરળ થઈ જઈએ..." આવા કૃતાર્થપણાના પરભાવના પડઘમથી ગુંજતું જ્ઞાનસત્ર એટલે પરભાવ દૃઢ કરાવતું પ્રયોગસત્ર. આ જ્ઞાનસત્રમાં ગુરુજીએ સૌને છેલ્લી પ્રાપ્તિના અહોપણામાં એવા ડુબાડ્યા, એવા ડુબાડ્યા, એવા ડુબાડ્યા કે, સૌ આહાહાહા... ઓહોહોહો... અધધધ... કરતાં કરતાં મૂર્તિમાં દીવાના–મસ્તાના બની રહ્યા. તા. ૨૪–૧૦–૨૦૨૫થી તા. ૨૮–૧૦–૨૦૨૫ દરમ્યાન પાંચ–દિવસીય જ્ઞાનસત્રમાં પ્રાતઃ સત્રથી લઈ સંધ્યા સત્ર સુધી એકધારી અખંડ અસ્ખલિત ગુરુજીની કૃપાવર્ષાએ નવાને જૂના અને જૂનાને અતિ જૂના કરી ફવડાવી દીધા. આવો ત્યારે, આ અનુભવસત્રની ક્ષણોને પુનઃ અનુભવીએ...



**પ્રેમલક્ષણા ભક્તિ સત્ર**

સર્વોપરી, સર્વાધાર એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણને વિષે પ્રેમલક્ષણા ભક્તિ તથા પ્રગટભાવના દૃઢાવ હેતુક પ્રાતઃ સત્રના પ્રારંભે હરિભક્તો રાજાધિરાજ ઘનશ્યામ પ્રભુને ચમર ઢોળવાનો, ધર્મદંડ ને ધર્મધજા લઈને શ્રીજીમહારાજના પાળા બનવાની સેવાનો લાભ લેતા. તથા ધૂપ, દીપ અને નૈવેદ્ય ધરાવવાનો અદ્‌ભુત લાભ લઈ પૂ. સંતો ધન્યતા અનુભવતા હતા. આ સમયે કીર્તનની સુરાવલિઓ સાથે મહારાજની સ્તુતિ તથા મૂર્તિના વર્ણન દ્વારા વાતાવરણમાં દિવ્યતાની મહેક પ્રસરતી હતી. એમાંય ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ શ્રી ઘનશ્યામ પ્રભુના અદના સેવક થઈ ચમર ઢોળવાનો લાભ લીધો. પોતે પરભાવનું સ્વરૂપ હોવા છતાં પાળા કે બ્રહ્મચારી બની દાસાનુદાસ થઈ, મહારાજનો અદકેરો મહિમા સમજાવ્યો. વળી, પછીના દિવસોમાં પણ મહાપ્રભુ સમક્ષ દાસભાવે બેસી જઈને સમગ્ર સમાજને શ્રીહરિ પરત્વેની પ્રેમલક્ષણા ભક્તિ તથા દાસત્વભાવની દુનિયામાં ગરકાવ થવાની અદ્‌ભુત રીત શીખવી હતી.

**જ્ઞાન-ધ્યાન ચિંતનનાં વર્કશોપ સમાં પ્રાતઃ સત્રો**

મંગલાચરણના મૃદુ સ્વરો, જયનાદનો ઉલ્લાસ, નિમગ્નના અનુભવની શીતળતા, દર્શનાનંદનો અનુભવ, ગુરુજીની અમૃતવાણીનો ઓઘ, પ્રાર્થનાની ભીનાશ, ધ્યાનની શાંત સ્થિતિ અને કીર્તન ઓચ્છવનો હરખ આદિકથી રચાયેલું જ્ઞાન-ધ્યાન ચિંતન સત્ર વર્કશોપમાં પરિણમતું. આ વર્કશોપમાં ગુરુજી ખૂબ ખીલતા અને સૌને મૂર્તિમાં ઝુલાવતા. આ સત્રમાં ગુરુજી વચનામૃતનાં ગૂઢ





રહસ્યો સ્વાનુભવમાં કેવી રીતે લાવવાં એનું જીવંત માર્ગદર્શન આપતા. જેના પરિણામે આ સત્રમાં મુમુક્ષુઓનો મહેરામણ સભામંડપમાં ઊભરાતો. સૌ સાડા ત્રણથી ચાર કલાક એકધારા આ સત્રમાં આનંદ લૂંટતા. ગુરુજી પણ શ્રીજીના સિદ્ધાંતોમાં નવા નવા સૂરો પૂરી મુમુક્ષુને અનુભવી કરવા તાલાવેલી જગાવતા. આ સત્રમાં ગુરુજી સૌના અવરભાવને ઉડાડી પરભાવમાં સ્થિર કરી દેતા અને આ ક્ષણે માયા બાપડી લાચાર બની રહેતી. આ સત્રમાં ગુરુજી એક એક વાતનું પ્રૅક્ટિકલ કરાવી પરભાવી વર્કશોપ ચલાવતા. આમ, દરરોજ સરેરાશ ૧૨,૦૦૦ કરતાં વધુ હરિભક્તો પ્રત્યક્ષ તેમજ હજારો હરિભક્તો ઑનલાઇન લાભ લઈ મૂર્તિસુખના યાત્રિક બની રહેતા.

### વિધ વિધ સભા

પ્રાતઃ સેશન બાદ કિશોર તથા યુવકમુક્તોની ઝોનવાઇઝ પૂ. સંતો દ્વારા ૮ ગ્રૂપમાં તથા કિશોરી તથા યુવતીમુક્તોની પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા ૮ ગ્રૂપમાં સભાઓ થતી. જેમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના પરભાવી સંકલ્પો, આગ્રહો-રુચિઓના પુનરાવર્તન દ્વારા સમાજને દૃઢતાના માર્ગે આગળ વધવાનું વિશેષ બળ મળતું. આ ગ્રૂપ સભામાં હજારો હરિભક્તો લાભ







લઈ ગુરુજીના સંકલ્પોથી હર્યાભર્યા થયા હતા. ગુજરાત સિવાયના હિન્દી ભાષી સમાજ માટે વિશિષ્ટ હિન્દી સભામાં પધારી ગુરુજીએ સૌને ગુરુદેવના મહિમાથી ભરી દીધા હતા. આ ઉપરાંત, બાળ-બાલિકા શિબિર દ્વારા સર્વે સમાજને પૂ. સંતોનો-પૂ. ત્યાગી મહિલામુક્તોનો વિશેષ લાભ મળ્યો હતો. આમ, જ્ઞાનસત્રમાં વિવિધ સભામાં ગુરુજીએ સર્વેને સુખિયા કર્યા હતા.

**વિશિષ્ટ કાર્યક્રમો**

જ્ઞાનસત્ર દરમ્યાન ચારેય સ્વરૂપની દૃઢતા થાય તે સારુ વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. સંતોએ પ્રથમ દિને હરિભક્તોને કંકણ બંધન કર્યું હતું. બીજા દિવસે પૂ. સંતોએ દિવ્યભાવે હરિભક્તોનું ચંદન પૂજન કર્યું હતું. ત્રીજા દિને પૂ. સંતો હરિભક્તોને પીરસવા પણ પધાર્યા હતા. વળી જ્ઞાનસત્રનો દ્વિતીય દિન એટલે 'મારા ગુરુજી ને મારા સંતો.' આ દિને ખાસ જ્ઞાનસત્રના મુખ્ય યજમાન તેમજ સહ યજમાન મુક્તોએ સર્વે પૂ. સંતોનાં પૂજન તેમજ એમને ધોતિયાં ઓઢાડવાની સેવાનો લાભ લીધો હતો. આ દૃશ્ય જોઈ ભક્ત સમાજ ગદ્‌ગદ બન્યો હતો. આ સમયે વ્હાલા ગુરુજીએ પણ સંતોના ચંદન તેમજ હાર પૂજનનો લાભ લીધો હતો અને











પૂ. સંતોનાં દંડવત-દર્શનનો પણ લાભ લીધો હતો. ગુરુ હોવા છતાં પણ ખાસ સંતોનાં દર્શન ને એમના દંડવત વખતે એમની દાસત્વની મૂર્તિ સૌને ભીંજવી રહી હતી. આમ, વિશિષ્ટ કાર્યક્રમોમાં અરસપરસ ચારેય સ્વરૂપની મહિમા દઢતાનું લક્ષ હતું. જેની અનુભૂતિ સર્વે જ્ઞાનસત્રાર્થીઓએ કરી હતી.

**ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ**

**"બાપાશ્રીએ કારણ સત્સંગ-કાર્ય સત્સંગની વ્યાખ્યા કરી છે. કાર્ય સત્સંગ એટલે કેવળ અવરભાવ. કારણ સત્સંગ એટલે કેવળ પરભાવ. પરભાવ જોયા વગર કોઈનો અવરભાવ ટળે જ નહીં. અવરભાવ એટલે માયિક. ભગવાન ને ભગવાનના સત્પુરુષને દિવ્ય સમજે તો જ દિવ્ય થાય. કરોડો જન્મોની સાધના કરે તો માયિકભાવ ટળે નહીં. મહારાજને ખૂબ પ્રાર્થના કરીએ : હે મહારાજ ! આ બધો તમારો કારણ સત્સંગનો પરિવાર છે. તો બધાય ઉપર દયા કરો કે બધાનો અવરભાવ ટળી જાય અને પરભાવે વર્તાય એવી ખૂબ ખૂબ મહારાજ, બાપા અને સદ્‌ગુરુને પ્રાર્થના..."**









ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદથી આરંભાયેલ આ જ્ઞાનસત્ર ખરા અર્થમાં દિવ્ય થવાનું સત્ર હતું. આ જ્ઞાનસત્રમાં ગુરુજીની દૃષ્ટિ, એમનું દિવ્ય સાંનિધ્ય, એમનો દિવ્ય સ્પર્શ પામી એમના જેવા થવાનું આ સત્ર હતું એવી પ્રતીતિ સૌને ગુરુદેવના આશીર્વાદમાં જણાઈ હતી. જે સૌ મુમુક્ષુ માટે દિવ્ય થવાની ગુરુચાવી બની રહી. જ્ઞાનસત્રના અંતે વ્હાલા ગુરુદેવે આશીર્વાદ પાઠવતાં કહ્યું હતું કે,

**“અવરભાવમાંથી પરભાવમાં જવા માટે સત્સંગ છે. અરે સત્સંગમાં આપણે મહારાજનો આશરો, નિષ્ઠા શા માટે કરી છે ? તો, સુખભોક્તા થવા માટે કરી છે. જો મહારાજનો અને મોટાપુરુષનો દિવ્યભાવ સમજાય તો દિવ્ય થવાય. ટૂંકમાં દિવ્યભાવ સમજવો એ સત્સંગ...”**

આમ, જ્ઞાનસત્રના પ્રારંભે ને અંતે ગુરુદેવે મહારાજનો અને મોટાપુરુષનો દિવ્યભાવ સમજાય તો મહારાજ જેવા થવાય એવો અકસીર રાજમાર્ગ ચીંધ્યો હતો.



### અસ્મિતાસભર અને સુખકર સાયં સત્રો

જ્ઞાનસત્રના પ્રથમ દિને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પૂ. સંત મંડળ સહિત સાયં સેશનના પ્રારંભે અનાદિમુક્ત પીઠિકાએ દર્શન કરવા પધાર્યા. ત્યાંથી ઘનશ્યામ મહાપ્રભુને દિવ્ય રથમાં બિરાજિત કરી, તેઓની સાથે વ્હાલા ગુરુજી સંત મંડળ સાથે ભક્તિયાત્રાના રૂપમાં સભામંડપમાં પધાર્યા. ભક્તિયાત્રા મુખ્ય સભામંડપમાં પ્રવેશતા પૂર્વે વડીલ પૂ. સંતોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી, વ્હાલા ગુરુજીનું પુષ્પહારથી પૂજન કરી હાર ધારણ કરી રાખવા માટે પ્રાર્થના કરી. પણ જેઓ હારથી પોતાના અસ્તિત્વને ઉપસાવવા કરતાં શ્રીહરિની મૂર્તિમાં પોતાના અસ્તિત્વને લીન કરી વર્તે છે એવા ગુરુજીએ હારને પ્રસાદીરૂપ કરી હરિભક્તોને પહેરાવી દીધો.

હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી મુખ્ય મંચ પર પધાર્યા અને સાયં સત્રનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. સાયં










સત્રોમાં પ્રથમ દિને મારા મહારાજ તથા દ્વિતીય દિને મારા ગુરુજી ને મારા સંતોના મહાત્મ્યથી સૌ મહિમાસભર થયા. વળી, તૃતીય અને ચતુર્થ દિને ગુરુજીના સંકલ્પે હેપી ફેમિલિ કરવા ક્રમશઃ 'સવળો વિચાર કરીએ' ને 'સરળ થઈએ'નું મહત્ત્વ સમજ્યા હતા. મહારાજ, મોટાપુરુષ અને પૂ. સંતોને વિષે દિવ્યભાવ, સવળો વિચાર ને સરળતાના સંકલ્પને પુષ્ટ કરવા સંસ્થાના વિવિધ ઝોનમાંથી પૂ. સંતોના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રોગ્રામ રજૂ થયા હતા. જેવા કે, સંવાદ, વિડિયોદર્શન, સ્વાનુભવ, રાજીપાદર્શન, સંત પ્રવચનો વગેરે. સાયં સેશનનો મુખ્ય મહત્ત્વનો લાભ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની જીવનસ્પર્શી દિવ્યવાણીનો હતો. આમ, સંધ્યા સત્રમાં અવરભાવમાં દિવ્યજીવન સાથે સુખીજીવન જીવવાના પાઠ ગુરુજીએ સૌને શીખવ્યા હતા.

### ગુરુજીના પડછંદા

સમગ્ર જ્ઞાનસત્રમાં ગુરુજીની પરભાવિતા, એમની દિવ્યતાએ સૌને નિર્વાસનિક કર્યા હતા. અરે, ગુરુજીનું દેહાતીતપણું; અરે, એમનું અવરભાવાતીતપણું; ગુણાતીતપણું મુમુક્ષુને દર્શનમાત્રમાં ચોખ્ખા કરી નાખતું. ક્યાં ગુરુજીનો એ પ્રચંડ, પરભાવી પ્રવાહ અને ક્યાં ગાંગા તૈલી જેવા મુમુક્ષુની અજ્ઞાનતા ! છતાંય એ ગુરુજીની અલૌકિકતા, અજોડતા, અદ્વિતીયતા એવી ખીલી, એવી ખીલી કે સૌને ખીલવી દીધા. એ ગુરુજીના પ્રચંડ, ભવ્ય પડછંદા આજે પણ ગુંજી રહ્યા છે :

- કાળમીંઢ પથ્થરો તોડી નાખશે. ખબર ના પડે તોપણ તાળી પાડજો... વિશ્વાસથી હાથ ઊંચો કરશો તોય કામ થઈ જશે... કારણ સત્સંગની સ્વામિનારાયણ ભગવાનની બસમાં બેઠા છો તો ઠેઠ પહોંચાડશે.
- યૂ-ટ્યૂબ પર કોઈને પણ નોતરશો તો મહારાજ ખેંચી લેશે... અરે, આ ક્ષણે કીડી-મંકોડાનું પણ પૂરું થઈ જશે.
- બાપા જ બિરાજે છે. એક માનશો તો એકમેક થઈ જશો; બે માનશો તો જુદા રહેશો...



અધ્યાત્મની ઊંડાઈ વધારવાનું માધ્યમ છે જ્ઞાનસત્ર.













● આજે મહારાજ સોળે કળાએ ખીલ્યા છે. આપણને અનાદિમુક્તની સ્થિતિ કરાવીને જ રહેશે...

● આ ફેરે કંઈ બાકી રહેવા દેવું નથી. એક વાર બોલે બાપા તો મારી દેજો છેલ્લા જન્મના થાપા. અનાદિમુક્તની સ્થિતિમાં આ ફેરે કંઈ જ બાકી રહેવા દેવું નથી...

### શ્રીહરિ સંકલ્પ મહોત્સવ

સ્વામિનારાયણ મહામંત્ર દ્વિ-શતાબ્દી મહોત્સવ, શિક્ષાપત્રી શતાબ્દી મહોત્સવ, રહસ્યાર્થ વચનામૃત શતાબ્દી મહોત્સવ, અનાદિમુક્ત વિશ્વમ્ પ્રારંભ મહોત્સવ, સ્વામિનારાયણ ધામ મંદિર શિલાન્યાસ મહોત્સવ તેમજ અનાદિમુક્ત પીઠિકા શિલાન્યાસ મહોત્સવનો ક્રમશઃ પ્રવક્તા દ્વારા ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો અને ક્રમશઃ ગુરુજી તથા પૂ. વરિષ્ઠ સંતો દ્વારા આ મહોત્સવનાં વધામણાં માટે પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુરુજીએ છએ મહોત્સવનું નામાભિધાન કરતાં મહારાજને પ્રાર્થના કરીને કહ્યું,

**"સર્વે વ્હાલા મુક્તો, આ બધું મહારાજનું કાર્ય છે. એક પછી એક પાંચ-છ પ્રસંગો કીધા તે બધા આપણા માટે મહત્ત્વના પ્રસંગો છે. પરંતુ મુક્તો, આપણે બે-ત્રણ વસ્તુ ધ્યાનમાં રાખવાની છે. બધા મહોત્સવ જુદા જુદા ઊજવવા જઈએ તો આખી જિંદગી આમાં જ જતી રહે. આપણો તો કારણ સત્સંગ છે, કાર્યપ્રધાન થવાનું નથી. તમામ સંતોને, તમામ આયોજકોને પણ વિનંતી કરું છું કે આપણો આ કાર્ય સત્સંગ નથી એનો ખાસ ખટકો રાખવાનો છે. મહોત્સવ પણ આપણે એવો ઊજવવાનો છે કે જે કારણપ્રધાન હોય અને**




**એક મહોત્સવમાં સર્વે મહોત્સવનો સમન્વય થઈ જાય. અને એ પ્રકારે આપણે મહોત્સવ ઊજવવા જઈ રહ્યા છીએ. જેનું નામ આપણને મહારાજ જ આપે છે : 'શ્રીહરિ સંકલ્પ મહોત્સવ.'**

**શ્રીહરિ સંકલ્પ મહોત્સવ કારણ કે આ બધા મહારાજના સંકલ્પો છે. શિક્ષાપત્રીની રચના એ પણ મહારાજનો સંકલ્પ છે. સ્વામિનારાયણ મહામંત્ર એ પણ મહારાજનો સંકલ્પ છે. વચનામૃત રહસ્યાર્થ એ પણ મહારાજનો સંકલ્પ છે. આ અનાદિમુક્ત વિશ્વમ્ પ્રારંભ શિલાન્યાસ એ પણ મહારાજનો સંકલ્પ છે; સ્વામિનારાયણ ધામ શિખરબદ્ધ મંદિર શિલાન્યાસ પણ મહારાજનો સંકલ્પ છે. સાથે સાથે અનાદિમુક્ત પીઠિકાનું સર્જન એ પણ સ્વયં શ્રીજીમહારાજનો જ સંકલ્પ છે. ત્યારે એ સંકલ્પોને સાકાર કરતો મહોત્સવ એટલે 'શ્રીહરિ સંકલ્પ મહોત્સવ.' શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ૨૦૨૬માં તા. ૨૧ ડિસેમ્બરથી તા. ૨૮ ડિસેમ્બર એમ આઠ દિવસનો રાખવામાં આવનાર છે. આપણે બધાએ આ મહોત્સવ ઊજવવાનો છે."**

મહારાજ સ્વયં રાજાધિરાજ માણકી ઉપર અસવાર થઈ શ્રીહરિ સંકલ્પ મહોત્સવનાં વધામણાં કરવા માટે પધાર્યા. વ્હાલા ગુરુજીએ મહારાજને પુષ્પવર્ષાથી વધાવ્યા અને આ મહોત્સવનાં વધામણાં કીર્તન દ્વારા કરવામાં આવ્યાં. ત્યારબાદ વ્હાલા ગુરુજી તથા પૂ. સંતોએ આ મહોત્સવના પ્રતીક સ્પૉટનું પૂજન કરી સૌને મહોત્સવ ઉદ્‌ઘોષનાં વધામણાંમાં સામેલ કર્યા. આમ, ગુરુજીની કારણની પ્રધાનતા આ ક્ષણે સૌને સ્પર્શી ગઈ.

# નૂતન પ્રકાશનો

જ્ઞાનસત્ર અન્વયે **Lord Swaminarayan**, **શિક્ષાપત્રી સાર** તથા **જીવનમંત્ર** પુસ્તિકાનું વિમોચન ગુરુજીના દિવ્ય હસ્તે કરવામાં આવ્યું હતું. વળી, નૂતન વર્ષના સંકલ્પને પુષ્ટિ મળી રહે તેમજ ગુરુજીના હેપી ફેમિલિના સંકલ્પને પૂર્ણ કરવા **દષ્ટિકોણ** અને **સરળતા** એમ બે પુસ્તિકાનું વિમોચન પણ ગુરુજીના હસ્તે કરવામાં આવ્યું હતું.

**:: પ્રાપ્તિ સ્થાન ::**
**SMVS સંસ્થાના તમામ બુકસ્ટોલ ઉપરથી ઉપલબ્ધ**




## શિક્ષાપત્રી સાર

**ગુરુજીની આજ્ઞા**

**"આપણે બધા મુક્તો પૂજામાં શિક્ષાપત્રી સાર રાખીએ જ છીએ પરંતુ કેટલાક સુધારા સાથે આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે. તો દરેક મુક્તો તેને વસાવી, પૂજામાં બદલી નાખજો એવી દરેકને ખાસ આજ્ઞા છે."**

## Lord Ghanshyam
## Childhood miracles & stories

**વિશેષતાઓ**

**– ઘનશ્યામ મહારાજનાં દરેક બાળચરિત્ર દ્વારા સરળ અને હૃદયસ્પર્શી રીતે ઘનશ્યામ મહારાજ સાથે સાચું જોડાણ બાંધવાની તક જેને બાળકો જીવનભર યાદ રાખશે.**

**– આ પુસ્તકમાં નાના ઘનશ્યામ મહારાજને એવા પ્રસંગોથી પરિચિત કરાવવામાં આવે છે, જેમાં તેમની કરુણા, બહાદુરી અને દિવ્યતા બાળકોને સ્વાભાવિક રીતે સમજાય અને પ્રેરણા આપે.**

**– આકર્ષક ચિત્રો બાળકોને વાર્તામાં ખેંચી લે છે, સરળ ભાષા તેમને જોડેલી રાખે છે અને નાના ઘનશ્યામના અનુભવો તેમનાં મૂલ્યો, પસંદગી અને શ્રદ્ધા વિષેની નજરને સુંદર રીતે આકાર આપે છે.**

**– આ માત્ર બાળ પુસ્તક નથી; તમારા બાળકોને ઘનશ્યામ મહાપ્રભુ સાથે જીવનભર ટકી રહે તેવો સંબંધ બાંધવામાં મદદરૂપ થતું એક દ્વાર છે.**






## દૃષ્ટિકોણ

**વિશ્વની મુલવણીનો રહસ્યમય આધાર**

**વિશેષતાઓ**

- દૃષ્ટિકોણ એટલે દુ:ખમાં સુખ જોવાની, પ્રતિકૂળતામાં તક શોધવાની કળા.
- આપણા જીવનમાં દૃઢ થઈ ગયેલી નકારાત્મક માનીનતાઓને બદલવા, સકારાત્મક દૃષ્ટિકોણ કરવાની પ્રેરણા મેળવવા આવો વાંચીએ નૂતન પુસ્તિકા ‘દૃષ્ટિકોણ’.
- ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી તથા મહાન વ્યક્તિઓના પ્રેરણાદાયી પ્રસંગોમાંથી દૃષ્ટિકોણને સકારાત્મક બનાવવાની કળા શીખીએ.
- સૂત્રમ્, ગુરુજીનાં કૃપાવચનમ્ તથા વિચારમંથનનું મનન કરી સકારાત્મક દૃષ્ટિકોણ તરફ એક ડગલું આગળ વધીએ.
- દર્શનમ્ દ્વારા આપણા જીવનમાં વર્તવા માટેની બાબત નક્કી કરીએ.

## સરળતા

**સદાય સુખિયા રહેવાની શ્રેષ્ઠ ચાવી**

**વિશેષતાઓ**

- ઘર-પરિવારમાં સ્વગમતાનો ગુલાલ કરી સૌના ગમતામાં વર્તવાની સરળ રીત શીખવતા પ્રેરણાદાયી પ્રસંગોનું સુંદર આલેખન.
- શ્રીજીમહારાજ, બાપાશ્રી, વ્હાલા ગુરુદેવ તથા ગુરુજીના રોજિંદા જીવનમાં થતાં સરળતાનાં દિવ્ય દર્શનની આછેરી ઝલક.
- સરળતાના સદ્‌ગુણને દેદીપ્યમાન બનાવતી વિચારમંથન કૃતિની અનોખી સર્જન કલા.
- સ્વજીવનમાંથી અહંકારનું આડંબર ઉતારી સરળતાના શણગાર સજવાની અદ્‌ભુત દિશાનું દર્શન.







## જીવનમંત્ર

**ભક્ત જીવનનો અનુપમ આદર્શ**

**વિશેષતાઓ**

આ નવ કલમો દ્વારા જ્યોત પ્રગટે છે...

- ભક્ત હૃદયમાં સર્વોપરી પ્રાપ્તિના ગૌરવભાનની
- મહારાજ, સત્પુરુષ, સંતો-ભક્તો અને મંદિર પ્રત્યેની મમત્વભાવની તથા અસ્મિતાની
- જીવનધ્યેયના સતત અનુસંધાનની
- છતે દેહે મૂર્તિમાં જ છું એવા કૃતાર્થપણાની
- આજ્ઞા-અનુવૃત્તિ, સેવા-સમર્પણ અને બલિદાનની
- પ્રાપ્તિથી સ્થિતિ સુધી પહોંચવાના માર્ગદર્શનની





### મહાઆરતી તેમજ સમૂહઆરતી

જ્ઞાનસત્રના સાયં સત્રોમાં દરરોજ મંચ પર ભવ્ય સિંહાસન પર બિરાજમાન રાજાધિરાજ મહાપ્રભુની શાનદાર મહાઆરતી પૂ. વડીલ સંતો ઉતારતા ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્યતાસભર બની જતું. વળી, હરિભક્તો ચમર ઢોળવાનો તથા ધર્મદંડ પકડવાનો લાભ લઈ શ્રીહરિના પ્રગટભાવની દઢતા કરતા. ચતુર્થ દિનના સાયં સત્રમાં સમગ્ર સમાજને સમૂહઆરતીનો લાભ મળ્યો હતો. તે દિવસે સમગ્ર મહાઆરતીની સેવાનો લાભ પૂ. સંતોએ અને શ્રીહરિની મહાઆરતી ઉતારવાનો લાભ વ્હાલા ગુરુજીએ લીધો હતો. આ ક્ષણે જ્ઞાનસત્રના સભામંડપમાં નભમંડળ તારલિયા એકસાથે ઊતરીને મહાપ્રભુને રીઝવતા હોય એવી પ્રતીતિ સર્વત્ર થઈ રહી હતી.

### સંત ભોજન દર્શનમ્

તા. ૨૮-૧૦-૨૦૨૫ના રોજ જ્ઞાનસત્રના અંતિમ ચરણે સંત ભોજન દર્શનમ્‌નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પૂ. સંતોને ગુરુજીએ સ્વહસ્તે પિરસણ લીલાનો લાભ આપ્યો હતો. ગુરુજી, પૂ. સંતો તથા પૂ. પાર્ષદમુક્તોનાં દિવ્ય ભોજન જમાડતા અનુપમ દર્શનનો લહાવો પ્રત્યક્ષ તથા જીવંત પ્રસારણના માધ્યમે ૩૩૫૦૩ હરિભક્તોએ લીધો હતો. શ્રીજીમહારાજના વખતથી ચાલી આવતી પરંપરાને અનુસરતા ને મૂર્તિ ધારી ઠાકોરજી જમાડતા સંતપંક્તિનાં દર્શન અપૂર્વ હતાં.

### રાજીપાદર્શન

જ્ઞાનસત્રની વિવિધ સેવાનો લાભ લેનાર મુખ્ય અને સહયજમાનો તેમજ એજન્સીઓ, વેન્ડર, બિલ્ડર તેમજ સંસ્થાના અન્ય હરિભક્તો પર ગુરુજીએ દૈનિક સંધ્યા સત્રમાં તથા ચોથા દિને ગુરુજી દર્શન વિભાગમાં અંતરનો રાજીપો વરસાવ્યો હતો.

### સંસ્થાકીય માહિતી દર્શન

સાયં સત્રોના પ્રારંભિક ચરણમાં સંસ્થામાં ચાલતી વિધ વિધ આધ્યાત્મિક તથા સામાજિક પ્રવૃત્તિ જેવી કે, શૈક્ષણિક સેવાઓ, આરોગ્ય સેવાઓ તેમજ અનાદિમુક્ત વિશ્વમ્‌ના ડેવલપમૅન્ટ અંગે હરિભક્તો તથા પૂ. સંતો દ્વારા અહેવાલ વર્ણવાયો હતો. આમ, આ સત્રમાં સંસ્થાની સામાજિક તથા આધ્યાત્મિક પ્રવૃત્તિનું જ્ઞાન હરિભક્તોએ પ્રાપ્ત કર્યું હતું.









### ઘનશ્યામ સુવર્ણ જયંતી

જ્ઞાનસત્રના પ્રથમ દિનના સંધ્યા સત્રે ઘનશ્યામ સામયિકની સુવર્ણ જયંતી ઊજવાઈ હતી. જેમાં ઘનશ્યામ સામયિકની સુવર્ણ યાત્રાની આછી ઝાંખી કરાવી હતી. ત્યારબાદ ઘનશ્યામ સામયિકના ૫૦ વર્ષથી અણનમ સેવા આપનાર નરેન્દ્રભાઈ ત્રિવેદીને વ્હાલા ગુરુજીએ રાજીપો પ્રદાન કર્યો હતો. તેમજ ઘનશ્યામ સામયિકની સેવા બજાવનારા પૂ. સંતોને ગુરુજીએ પૂજન અને ભેટણ લીલાનો લાભ આપીને કૃતાર્થ કર્યા હતા. દસ વર્ષથી વધુ સેવા બજાવનારા હરિભક્તોને ગુરુજીના હસ્તે રાજીપા શિલ્ડ તેમજ પૂ. ભક્તસ્વામી દ્વારા આશીર્વાદ પત્ર આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ઘનશ્યામ અંકની આખી સુવર્ણ યાત્રામાં ભાગીદાર રહેનારા ૫૦થી વધુ હરિભક્તોને ગુરુજી દર્શન વિભાગમાં આશીર્વાદ પત્ર પ્રદાન કરવામાં આવ્યાં હતાં.

### ગુરુજી દર્શન વિભાગ

જ્ઞાનસત્ર-૧૯ અન્વયે નવા મુમુક્ષુઓને તથા સર્વે લાભાર્થીઓને ગુરુજીના નિકટ દર્શનનો લાભ મળે તે હેતુથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દર્શન વિભાગની રચના કરવામાં આવી હતી. જેમાં દરરોજ સવારે ૬:૩૦થી ૭:૪૫ અને સાંજે ૩:૪૫થી ૫:૦૦ દરમ્યાન આમ રોજના અઢી કલાકથી વધુ સમય ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દર્શન-આશીર્વાદની વર્ષા વરસાવવા બિરાજતા અને દિવ્યભાવે દર્શન કરવાની રીત શીખવી દર્શનાર્થીને દિવ્યાનંદની અનુભૂતિ કરાવતા. પાંચ દિવસમાં રોજના સરેરાશ ૫૨૦૦થી વધુ મુમુક્ષુઓએ દર્શનનો લાભ લીધો હતો. એ જ રીતે દરરોજ સાયં સત્રના અંતે ઝોનવાઇઝ હરિભક્તોને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો નિકટ દર્શન-પૂજનનો લાભ મળતો. વળી, દૈનિક ૩૦૦૦થી વધારે હરિભક્તોએ મુખ્ય સભામંડપમાં નિકટ દર્શનનો લહાવો માણ્યો હતો. આમ, વ્હાલા ગુરુજી દરરોજ ૮૦૦૦ કરતાં વધુ હરિભક્તોને દર્શન આપતા હતા.

### બ્લડ ડોનેશન કેમ્પ

જ્ઞાનસત્ર-૧૯ અન્વયે ગુરુજીની આજ્ઞાથી એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલ દ્વારા તા. ૨૫, ૨૬ ને ૨૭ એમ ત્રણ દિવસ બ્લડ ડોનેશન કૅમ્પ યોજાયો હતો. જેને સંતો-ભક્તોએ ઉત્સાહથી વધાવી લઈ ૧૩૭૬ જેટલી











બૉટલોનું રક્તદાન કર્યું હતું. આ સાથે ૪,૬૩૩થી વધુ મુક્તોએ મેડિકલ કૅમ્પનો લાભ લીધો હતો.

**મહિલા વિભાગ**

મહારાજના સંકલ્પે સંસ્થાના એક અદ્વિતીય ભાગ તરીકે મહિલા વિભાગમાં પણ સમાંતર રીતે સર્વે આયોજનો કરવામાં આવ્યાં હતાં તથા મહિલા સભામંડપમાં વિશાળ ચાર LED સ્ક્રીન દ્વારા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો લાભ તથા મુખ્ય પુરુષ સભામંડપમાં ઊજવાયેલા તમામ પ્રોગ્રામનો લાભ લઈ સમગ્ર મહિલા સમાજ ધન્ય બન્યો હતો. સમગ્ર જ્ઞાનસત્રને દીપાવવા મહિલા વિભાગની સેવા પ્રશંસનીય રહી હતી. મહિલા હરિભક્તોને પણ વરિષ્ઠ પૂ. ત્યાગી મહિલામુક્તોનાં દર્શનનો લાભ મળે તે માટે ભક્તિનિવાસ સંકુલમાં દર્શન વિભાગનું આયોજન થયું હતું.

જ્ઞાનસત્ર-૧૯માં શ્રીજીમહારાજના અનાદિના સિદ્ધાંતોને ગુરુજીએ સરળ ને સહજ બનાવવા અનુભવયુક્ત સૂર પૂરીને મુમુક્ષુઓને છતે દેહે મૂર્તિસુખના અનુભવી બનાવ્યા. ગુરુજીની પ્રયોગાત્મક કરુણાવાણી ઑનલાઇન અને પ્રત્યક્ષ સુણી સૌ મસ્ત, સ્વસ્થ ને મૂર્તિસ્થ બનતા. આ જ્ઞાનસત્રમાં ૧૮૦૦૦થી વધુ પ્રત્યક્ષ તથા ૨,૭૯,૫૬૨ ઑનલાઇન લાભ લેનાર પ્રત્યેક હરિભક્તનો એક જ સૂર હતો કે, “ગુરુજીએ અમને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં જ રાખ્યા છે. બસ મહારાજ જ છે.”



આંતરસમૃદ્ધિ વધારવાનું ઉત્તમ પરિબળ છે જ્ઞાનસત્ર.

# ગુરુજીની શ્રીહરિના સંકલ્પોરૂપી ભલામણ

સવારે કે સાંજે જમાડતી વખતે ઘરના સભ્યોને
અરસપરસ દંડવત કરીએ.
ડિવાઇન ડિસિપ્લિન માટે બે હાથ જોડી સરળ થઈને વાત કરીએ.
હૅપી ફૅમિલિ બનાવવા આપણું છોડતા શીખો, એકબીજાને
સમજતા શીખો. ફ્લેક્સિબલ થતા શીખો.

**રોજ જમતા પહેલાં આ સૂત્ર બોલવું :**
૧) પોતાનું મનગમતું મૂકી દેવું છે.
૨) મહારાજ અને મોટાના ગમતામાં જ રહેવું છે.
૩) કટ દઈને વળી જવું છે.
આપણો આ વર્ષનો કોર્સ છે, લેસન છે જે ફરજિયાત કરવાનું છે.

રહસ્યાર્થવાળાં વચનામૃત ઘરમાં વસાવજો.
રોજ એક વચનામૃત ટીકા સહિત વાંચવાનો આદેશ
આપવામાં આવે છે.

‘સવળો વિચાર કરીએ’ તથા ‘સરળ થઈએ’નું કીર્તન રોજ બપોરે
તથા સાંજે જમાડતી વખતે ફરજિયાત મૂકીએ ને મનન સાથે
સાંભળીએ.

રોજ મંત્રલેખનની ટેવ પાડીએ. મંત્રલેખનની નોટ ખિસ્સામાં
રાખવી. સમય ન બગાડતાં મંત્રલેખન કરીએ.
ઓછામાં ઓછી પાંચ નોટ ભરવી.

દર અઠવાડિયે ફૅમિલિ ટાઇમ સભામાં ક્ષમાયાચના દિન રાખો.
અઠવાડિયામાં એકબીજા વચ્ચે મનદુ:ખ થયું હોય તો એકબીજાની
માફી માગી સૉરી કહેજો. બધા સભ્યોએ દંડવત, મહિલા સભ્યોએ
પંચાંગ પ્રણામ કરવાં. આ દિવસે સારા થાળ કરી ઠાકોરજીને
ધરાવી સમૂહભોજન કરજો. આગ્રહ કરીને અરસપરસ પીરસજો.

દિવસમાં એક પ્રાર્થના તો થવી જ જોઈએ. સવારે ૭થી ૮ મંદિરે
જ્ઞાન-ધ્યાન ચિંતનનો લાભ લો. **First Priority Maharaj**.
એક કલાક ફોન નહિ અડવાનો.

મહિને એક વખત પરિવાર સભા કરવી. સમૂહભોજન કરવું.
આપણા પરિવારમાં અબોલા ન જોઈએ.
સરળ થવા માટે પોતે ઘરમાં કે વ્યવહાર ક્ષેત્રે સૂચન બૉક્સ મૂકવું.
સૂચનને પૉઝિટિવ લઈ સુધારો કરવો.

મહિને એક વખત પરિવાર સભા કરવી. સમૂહભોજન કરવું.
અરસપરસ પ્રીતિ કરવી તે સાચો સત્સંગ છે. આવા
પુરુષોત્તમનારાયણ મળ્યા પછી ઉદ્વેગ રહે ? શું સત્સંગમાં આવીને
કમાયા ? મૂર્તિમાં પ્રીતિ કરવી છે તો પહેલાં મૂર્તિમાં રહેનારા
જોડે તો પ્રીતિ કરીએ.

મોટાપુરુષમાં તો મનુષ્યભાવ ન પરઠાય; એ તો જ્યારે ઘો મરવાની
થાય ત્યારે ત્યાં જાય. પણ કોઈનામાં મનુષ્યભાવ ન પરઠવો. નજર
બદલેંગે તો નજારા બદલ જાયેગા.

હાલતાં-ચાલતાં મૂર્તિમાં રહેવાની જ પ્રૅક્ટિસ કરો. જેને અધર્મ
અંધારું ટાળવું હોય તેને પ્રાઇવેટ, પર્સનલ અહીં પ્રતિલોમપણે જ
મહારાજને પ્રગટાવવા પડે. મહારાજ મારી જોડે છે ત્યાં અધર્મ
અંધારું, કામ-ક્રોધાદિક શત્રુ આવે ?

મહિનાની બે સંકલ્પ સભાનો ને પૂનમની સભાનો લાભ કોઈ ચૂકશો
નહીં. ઑનલાઇન પણ અવશ્ય લાભ લેશો.

#### વ્હાલા ગુરુજીના અનન્ય નિકટતમ લાભનો પર્યાય

# દિવ્ય સાંનિધ્ય શિબિર

**"વ્હાલા દીકરાઓ... તમે મહારાજના અને અમારા વ્હાલા વ્હાલા દીકરાઓ છો."** કહીને બોલાવતા; ગુરુજી કિશોરો, યુવાનો અને વડીલો સમ દીકરાઓને લાડ લડાવતા; વિધ વિધ પ્રસાદી આપતા; અતિ સ્નેહે ભેટતા; મૂર્તિ રંગે રમાડતા; નિકટ, અતિ નિકટ લેતા; દિવ્ય સાંનિધ્ય શિબિરમાં અઢળક ઢળતા. ગુરુજી એટલે સ્નેહનો ઘૂઘવતો દરિયો... માતૃત્વનો ઘેઘૂર વડલો... ખરેખર તો દર્શન-સમાગમની ત્વરા શિષ્ય સમાજને હોવી જોઈએ.

**આ તો કેવી રીતિ કરી એમણે પ્રીતિ, લાડ લડાવી ભૂલો ને વહેતી કીધી;**
**દેહ દોષોથી મુજને પર કર્યો, કેવા મોટા મળ્યા મુને ન્યાલ કર્યો.**

પણ અહીં તો વ્હાલા ગુરુજી અનન્ય લાભ આપવા અતિ અતિ આતુર બન્યા. તેથી વર્ષ ૨૦૨૫ દરમ્યાન ગુરુજીએ સામે ચાલીને દેશમાં ઝોનવાઈઝ તથા વિદેશમાં દેશવાઈઝ ૧૨ જેટલી દિવ્ય સાંનિધ્ય શિબિરો યોજી હતી. આ દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા ગુરુજીનો સૌને નિકટ લઈ સુખિયા કરવાનો આગ્રહ નજરે જણાઈ આવતો. વ્હાલા ગુરુજીએ શિબિર પૂર્વે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે,

**"તમને વ્હાલ આપવું છે, તમને ભેટવું છે, તમારાથી નિકટ આવવું છે. હસતાં હસતાં, રમતાં રમતાં અમે જે કરવા આવ્યા છીએ તે તમને બધાને કરાવવું છે. મહારાજ તમને ગમાડે, મહારાજ તમને જોઈને રાજી રાજી થઈ જાય એવા કરવા છે."**

ગુરુજીના આગ્રહને પોતાનો આગ્રહ બનાવવા તમામ ઝોનમાંથી ૩૦૦-૪૦૦ના નાના ગ્રૂપોમાં હરિભક્તો લાભ લેવા ઊમટતા હતા. મારા ગુરુજીનો મારા માટે આવો આગ્રહ હોય તો મારે પણ રાજીપાના માર્ગે આગળ વધવું જ છે એવો દૃઢ નિશ્ચય કરી સૌ કૃતાર્થ બન્યા હતા.









 

શિબિર દરમ્યાન રાત્રિ સેશનમાં વ્હાલા ગુરુજી દ્વારા ચૉકલેટ લીલા, સ્નાન લીલા, આઇસક્રીમ લીલા, ધબ્બા લીલા, કવાલી લીલા, ગોટા લીલા, ફૂલદોલોત્સવ/રંગોત્સવ, ભેટણ લીલા આદિક કરુણા લીલાઓનો લાભ સૌ શિબિરાર્થીને મળ્યો હતો. દિવ્ય સાંનિધ્ય શિબિરમાં પૂ. સંતો દ્વારા કિશોરમુક્તો માટે વિશેષ ઍક્ટિવિટીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ, કિશોરમુક્તોએ ઍક્ટિવિટીનો ખૂબ આનંદ માણ્યો હતો.

આ શિબિરમાં પૂ. સંતોએ સ્વજીવન તેમજ હરિભક્તોના જીવન આધારિત કથાવાર્તા કરી, શિબિરાર્થીઓને ગુરુજીના મહિમાથી ભરી દીધા હતા. વ્હાલા ગુરુજીની દિવ્યવાણીમાંથી જ્યારે આગ્રહ સાથેનો પ્રવાહ આવતો હોય તે સાંભળીને મુમુક્ષુમાત્રને જાણે સ્વયં શ્રીજીમહારાજ ગુરુજીના મુખકમળમાંથી સંકલ્પો જણાવી રહ્યા હોય તેવો અનુભવ થાય. શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજી સવારે ૮ વાગ્યે અલ્પાહાર કર્યા વગર સળંગ સાડા ત્રણ-ચાર કલાક કથાવાર્તાનો લાભ આપતા. ત્યારબાદ ૧૨ વાગ્યે ઠાકોરજી જમાડે અને સાંજે ૮થી ૧૧ ફરી વાર લાભ આપવા પધારતા.

દિવસ દરમ્યાન ૭થી ૮ કલાક સુધી એ દિવ્યપુરુષના મુખમાંથી કથાવાર્તાનો પ્રવાહ નીકળ્યા જ કરતો. આ સમગ્ર શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજીએ તમામ શિબિરાર્થી મુક્તોને મહારાજનું મહાત્મ્ય, મોટાપુરુષનું મહાત્મ્ય, પંચવર્તમાન, બાપાશ્રીનો ઈતિહાસ, દિવ્યભાવ જેવા અનેક વિષયો પર લાભ આપી દિવ્યજીવનના પાઠ ભણાવી કૃપાવંત કર્યા હતા. આ શિબિરમાં કેટલાક કિશોરો, યુવાનો ને વડીલોને વ્હાલા ગુરુજીએ સામેથી કૉલ કરી શિબિરનો લાભ લેવા આવવા જણાવ્યું હતું. માતૃવાત્સલ્યના મૂર્તિમંત સ્વરૂપ એટલે મારા ગુરુજી. જેમ મા-દીકરાને હેત હોય એવું વાત્સલ્ય આપી ગુરુજીએ સૌને પોતાના સાંનિધ્યમાં બોલાવી ખૂબ વ્હાલ વરસાવ્યું.

દિવ્ય સાંનિધ્ય શિબિરમાં ખાસ ગુરુજીએ કિશોર, યુવાન અને વડીલ ત્રણેય વર્ગને ધ્યાનમાં રાખી ઘણી ભલામણો કરી હતી :

**પરિવારના સભ્યોને દંડવત કરવા; સરળ થવું; મીઠી વાણીનો પ્રયોગ કરવો; મોબાઇલના દૂષણથી દૂર રહેવું; જીવનમાં સત્સંગ વિશેષ રાખવો; જ્ઞાન-ધ્યાન ચિંતનમાં અવશ્ય હાજરી આપવી; બાપાશ્રીની વાતો તેમજ વચનામૃતનું નિયમિત રીતે વાંચન કરવું; અઠવાડિક સભામાં પૂ. સંતોનો નિયમિત લાભ લેવો; માતાપિતાને રોજ સવારે પ્રણામ કરવા તેમજ એમના માટે સમય ફાળવવો; બાળકોના અભ્યાસ તેમજ સંસ્કાર માટે સમય ફાળવવો...**

આમ, વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. સંતોના માર્ગદર્શન હેઠળ આદર્શ પ્રૉજેક્ટ કાર્યાલય દ્વારા તમામ શિબિરોનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫ દરમ્યાન વ્હાલા ગુરુજીએ દેશમાં ઝોનવાઇઝ ૧૦ તેમજ વિદેશમાં દેશવાઇઝ ૨ એમ કુલ ૧૨થી પણ વધુ દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા ૫૦૮૦થી પણ વધુ હરિભક્તોને ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ તેવાં અમૂલ્ય સંભારણાં આપી, દિવ્યજીવનના પાઠ શીખવી કૃતકૃત્ય કર્યા હતા.

**મહારાજ અને મોટાના દાખડા બંધ કરાવે તેના બધા જ દાખડા બંધ થઈ જાય.**

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.એસ.એ. તથા કેનેડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવાના શ્રીજીમહારાજના ભવ્ય પ્રચંડ સંકલ્પને સાકાર કરવા વ્હાલા ગુરુજીની આજ્ઞાથી યુ.એસ.એ., કેનેડા ખાતે પૂ. સંતોનું સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ સંગે પૂ. ધર્મસ્વામી, પૂ. સ્મરણસ્વામી તથા પૂ. સર્વોત્તમસ્વામી એમ કુલ ત્રણ પૂ. સંતોનું મંડળ તથા હરિભક્તોમાં મનનભાઈ અબાસણા પૂ. સંતો સાથે વિચરણમાં જોડાયા હતા. તા. ૧૪ ઑગસ્ટ ને ગુરુવારે સાંજે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોના મંડળે દુબઈથી યુ.એસ.એ. ખાતે પ્રયાણ કર્યું. યુ.એસ.એ.ના ભાવિક ભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આ આગમનને પુષ્પછડી દ્વારા વધાવી લીધું હતું. હરિભક્ત સમાજ મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્ય આકારે થાય તથા સૌનું ગુરુજીના રાજીપા સમ જીવન બને તેવા હેતુથી આ સત્સંગ વિચરણમાં વિવિધ આયોજનો થયાં.

યુ.એસ.એ. ખાતે સૌપ્રથમ બોસ્ટન, ચેરીહિલ, જર્સીસિટી, ઍટલાન્ટાથી વ્હાલા ગુરુજીનાં દર્શન કરવા પૂ. સંતોનું મંડળ એડિસન પધાર્યું. ત્યારબાદ પૂ. ધર્મસ્વામી, પૂ. સ્મરણસ્વામી, પૂ. વિનમ્રસ્વામીના મંડળે કૅલિફૉર્નિયા, શિકાગો તથા કૅનેડામાં કૅલ્ગરી, ટોરન્ટો ખાતે વિચરણ કર્યું હતું. યુ.એસ.એ., કૅનેડા વિચરણ દરમ્યાન ઍટલાન્ટા પાટોત્સવ, ૧૦ કિશોર સભા, ૩ સત્સંગ શિબિર, ૧૨ અંગત સભા, ૩૫ પ્રાતઃ સભા, ૨૨ સંધ્યા સભા, ૭ ગ્રૂપ સભા, ૧૦ અગ્રેસર સભા, ૮ કાર્યકર ડે, ૩ આદર્શ પ્રૉજેક્ટ સભા, ૧૨૫ જેટલી પધરામણીઓ તથા ૮૦ જેટલી અંગત બેઠકો જેવા વિવિધ પ્રોગ્રામો દ્વારા હરિભક્તો મહારાજ, મોટાપુરુષ અને સંસ્થાના મહિમા આકારે થયા હતા. પૂ. સંતોએ વિવિધ સેન્ટરોમાં હેપી ફૅમિલિ વિષય પર લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા. ટોરન્ટો, ઍટલાન્ટા, બોસ્ટન ખાતે સત્સંગ પારાયણ તથા જર્સીસિટી, બોસ્ટન, ઍટલાન્ટા, શિકાગો, ટોરન્ટો એમ પાંચ સેન્ટરના અન્નકૂટોત્સવમાં લાભ આપ્યો હતો. આમ, આ કુલ ૭૦ દિવસીય વિચરણમાં ૭૧૦૦ હરિભક્તોએ લાભ લઈ મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાના માર્ગે પગરણ માંડ્યાં હતાં. યુ.એસ.એ. તથા કૅનેડા ખાતેનું વિચરણ પૂર્ણ કરી તા. ૨૧ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ પૂ. ધર્મસ્વામીના મંડળે ઈન્ડિયા તરફ પ્રયાણ કર્યું.



મૂર્તિમાં રાખવાની લટક દૃઢ કરતા પહેલાં મૂર્તિને મૂર્તિ સમજો.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.એસ.એ. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









વિષય અને વ્યસનના રવાડે ચડી ગયેલા જીવાત્માને સંતો સમાગમરૂપી ઔષધિથી પાછા વાળે છે. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી દર વર્ષે યોજાતા વિદેશ સત્સંગ વિચરણની જેમ ચાલુ વર્ષે પણ પૂ. સંતોનું યુ.એસ.એ. ખાતે સત્સંગ વિચરણ ગોઠવાયું હતું. તા. ૧૨-૬-૨૦૨૫થી તા. ૨૦-૧૦-૨૦૨૫ દરમ્યાન કુલ ૧૩૨ દિવસના સત્સંગ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. દર્શનસ્વામી, પૂ. નિર્દોષસ્વામી (પૂ. મોટાસ્વામી), પૂ. મુનિસ્વામી તથા હરિભક્તોમાં પ.ભ. દિનેશભાઈ પટેલને લાભ મળ્યો હતો.

આ સત્સંગ વિચરણમાં પૂ. સંતોએ એસ.એમ.વી.એસ.ના ચેરીહિલ, એડિસન, જર્સીસિટી, બોસ્ટન, ઍટલાન્ટા, શિકાગો આદિક સેન્ટરોમાં તેમજ ન્યૂજર્સી, પેન્સિલ્વેનિયા, ડેલાવર, મેરીલૅન્ડ, વર્જિનિયા, નોર્થ કેરોલીના, સાઉથ કેરોલીના, ટેનિસી, જ્યૉર્જિયા, ઇંડિયાના, ઇલિનોઈ, મિશિગન, ઓહાયો, કેન્ટકી, આલાબામા, મૅસચ્યૂસિટ્સ, ટેક્સાસ એમ કુલ ૧૭ સ્ટેટના અંતરિયાળ નાના-મોટા શહેરોમાં અને છૂટાછવાયા વસતા આપણા ઘરના હરિભક્તોને સત્સંગ સભા, પધરામણી, મહાપૂજા આદિ પ્રોગ્રામોનો લાભ આપી સમસ્ત વિદેશના સત્સંગ સમાજને ખૂબ બળ આપ્યું હતું.

આ વિચરણ દરમ્યાન પૂ. સંતોએ કુલ ૨૦૩ પધરામણી, ૧૫૬ સભાઓ, ૨૧ રસોઈ, ૧૬ મહાપૂજાનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા. આ ઉપરાંત અગ્રેસર મુક્તોને સત્સંગનું અને સેવાનું બળ મળી રહે તેવા હેતુથી વિવિધ મંડળોમાં કુલ ૪૩ મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે રક્ષાબંધન, ગુરુપૂર્ણિમા, સત્સંગ પારાયણ, ચોપડા પૂજન, દિવાળી અન્નકૂટ, પિકનિક, આદર્શ પ્રૉજેક્ટ સભા, સ્ટાફ સભા, રાત્રિ સભા, અગ્રેસર સભા, મહિમા ગોષ્ઠિ, અંગત ગોષ્ઠિ, પ્રાતઃ સભા, અઠવાડિક સભા, કિશોર સભા, બાળ સભા, ઉપાસના શિબિર જેવા વિવિધ પ્રોગ્રામો દ્વારા સર્વે સત્સંગ સમાજને મહિમાસભર કરી રાજીપાના માર્ગે દોડવાનું અનેરું બળ પ્રદાન કર્યું હતું. તા. ૨૪-૭-૨૦૨૫થી તા. ૨૮-૭-૨૦૨૫ દરમ્યાન લંડન ખાતે તેમજ તા. ૨૯-૭-૨૦૨૫થી તા. ૨-૮-૨૦૨૫ દરમ્યાન યુ.એસ.એ. ખાતેના સત્સંગ વિચરણ દરમ્યાન આ સંત મંડળને વ્હાલા ગુરુજી સંગે વિચરણનો અમૂલ્ય લાભ મળ્યો હતો. તા. ૨૦-૧૦-૨૦૨૫ના રોજ આ સંત મંડળે ઇન્ડિયા આવવા માટે પ્રયાણ કર્યું હતું.

અવરભાવમાં રાચે તે અજ્ઞાની.

## વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. સંતોનું ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ










વ્હાલા ગુરુજીની આજ્ઞાથી આ વર્ષે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે તા. ૨-૯-૨૦૨૫થી તા. ૨૦-૧૦-૨૦૨૫ દરમ્યાન પૂ. સંતોનું આ જ વર્ષમાં દ્વિતીય વખત સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. આશીર્વાદસ્વામી, પૂ. હરિવત્સલસ્વામી તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી દીપભાઈ પટેલ તથા જિતેન્દ્રભાઈ આર. પટેલ જોડાયા હતા. પૂ. સંતોનું અનુક્રમે પર્થ, એડીલેટ, ઑકલૅન્ડ, બ્રિસ્બેન, સિડની, અલબૅરી તથા મેલબોર્ન ખાતે કુલ ૪૯ દિવસનું સત્સંગ વિચરણ યોજાયું હતું. પર્થ ખાતે પાંચ વર્ષ બાદ પૂ. સંતોનું વિચરણ યોજાયું હતું. પર્થ અને એડીલેટ ખાતે અનુક્રમે ૧ રાત્રિ સભા તેમજ ૧ જાહેર સભાનું આયોજન થયું હતું. ઑકલૅન્ડ ખાતે આઠ-દિવસીય સત્સંગ વિચરણ દરમ્યાન સૌ હરિભક્તોને વિવિધ સત્સંગ પ્રવૃત્તિ તેમજ આયોજનો દ્વારા વિશેષ બળ પ્રદાન થયું હતું. બ્રિસ્બેન ખાતે એક-દિવસીય સત્સંગ શિબિર, સત્સંગ પારાયણ અંતર્ગત હૅપી ફૅમિલિ વિષય પર જાહેર સભામાં લાભ લઈ સૌ મુક્તો બળિયા બન્યા હતા. આ ઉપરાંત સિડની ખાતે પૂ. સંતોના સાંનિધ્યમાં શરદોત્સવ તેમજ મેલબોર્ન ખાતે ચોપડાપૂજન તેમજ અન્નકૂટ ઉત્સવમાં લાભ લઈ હરિભક્તો વિશેષ બળિયા બન્યા હતા. આમ, ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતેના કુલ ૪૯ દિવસીય વિચરણ દરમ્યાન પૂ. સંતોએ ૨૧ પ્રાતઃ સભા, ૩૮ સંધ્યા સભા, ૭ અંગત સભા, ૬ સત્સંગ શિબિર, ૩ સત્સંગ પારાયણ, ૮ જાહેર સભા, ૫ બાળ શિબિર, ૫ ઉપાસના શિબિર, ૭૪ પધરામણી, ૩ મહાપૂજા, કિશોર-યુવક સાથે પિકનિક તથા ૮૨ જેટલી અંગત બેઠકોનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા.


### ઘનશ્યામ સામયિકના લવાજમના દર



**SMVS** દ્વારા દર માસે નિયમિત પ્રકાશિત થતું ઘનશ્યામ સામાયિક પડતર કિંમત કરતા પણ આશરે નજીવી કિંમતનું લવાજમ લઈને કારણ સત્સંગનું વિશુદ્ધ જ્ઞાન પીરસીને મુમુક્ષુની મુમુક્ષુતાને ઉજાગર કરતું રહ્યું છે. ફોરકલરમાં ઉત્તમ પ્રિન્ટિંગ, ડિઝાઇનિંગ તથા ગુણવત્તાયુક્ત પેપરનો ઉપયોગ કરીને દર માસે આ સામાયિક ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આવો ત્યારે એનું લવાજમ ભરીને કારણ સત્સંગના રંગે રંગાઈએ...

**વાર્ષિક લવાજમ**

**● ૧ વર્ષ : ૧૦૦/- ● ૩ વર્ષ : ૩૦૦/- ● ૫ વર્ષ : ૫૦૦/-**




પરભાવમાં રાચે તે જ અનુભવજ્ઞાની.

## સાણંદ શિલાન્યાસ સમારોહ









તા. ૯-૧૧-૨૦૨૫ ને રવિવારના રોજ સાંજે ૫:૦૦થી ૮:૩૦ દરમ્યાન સાણંદ ખાતે કારણ સત્સંગના નૂતન મંદિરનો શિલાન્યાસ સમારોહ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં ઊજવાઈ ગયો. નાના-મોટા આબાલવૃદ્ધ સૌ કોઈના હૈયામાં આજે આનંદ સમાતો ન હતો. આજરોજ સાણંદના સૌ હરિભક્તોએ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજના સંગે વ્હાલા ગુરુજી તથા પૂ. સંત વૃંદના આગમનને તાળીઓના નાદથી વધાવી લીધું હતું. પ્રેમીભક્તોના લાડ સ્વીકારી વ્હાલા ગુરુજી પણ આ સામૈયામાં ગાડીમાંથી નીચે ઊતરી પગપાળા ચાલીને સાણંદની જાહેર જનતા પર આશીર્વાદ વરસાવતા થકા પ્રોગ્રામ સ્થળ પર પધાર્યા હતા. આજના પ્રોગ્રામમાં યજમાનો તથા મોટેરા હરિભક્તો સાથે મંગલમય પરિસરમાં દિવ્ય મહાપૂજા વિધિનો પ્રારંભ થયો. ત્યારબાદ વ્હાલા ગુરુજીના હસ્તે નૂતન મંદિરનિર્માણ માટેની શિલા તથા પ્લાનનું પૂજન કરવામાં આવ્યું. સુશોભિત સ્થાનમાં શિલારોપણ કર્યા બાદ વ્હાલા ગુરુજી તથા યજમાન મુક્તો દ્વારા આરતી ઉતારવામાં આવી. પ્રાસંગિક સંત પ્રવચનનો લાભ મળ્યા બાદ ઉપસ્થિત તમામ સભાગણ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ લેવામાં ગરકાવ બન્યો. સર્વે ઉત્સાહી સ્વયંસેવક મુક્તોએ પૂ. ધર્મસ્વામી, પૂ. મૂર્તિસ્વામી, પૂ. પ્રેમસ્વામી, પૂ. દીનબંધુસ્વામી, પૂ. ધ્યેયસ્વામી, પૂ. મધુરવદનસ્વામીની રાહબરી હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો. આમ, આ શિલાન્યાસ સમારોહમાં પધારેલ ૨૫૦૦થી વધુ ભાવિક ભક્તોએ વ્હાલા ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તેમજ પ્રસાદીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા શૈક્ષણિક સહાય

બાળકો સમાજનું અને દેશનું ભવિષ્ય છે, આવતી કાલ છે. અતિ દયાળુ સ્વરૂપ એવા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી બાળકોના સર્વાંગી વિકાસ માટે હંમેશાં ચિંતિત રહે છે. પરિણામે વ્હાલા ગુરુજીની આજ્ઞાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા દર વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવામાં આવે છે. ઈ.સ. ૨૦૨૫-૨૬માં સંસ્થાની શાળા, ગુરુકુલ અને દિગ્વિજય મંડળના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરવામાં આવી છે. જેમાં માધ્યમિક કક્ષાના ૨૪થી વધુ વિદ્યાર્થીઓને ૪,૦૯,૧૨૦ રૂપિયાની, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ૨૩૫થી વધુ વિદ્યાર્થીઓને ૮૯,૮૫,૩૯૦ રૂપિયાની, સ્નાતક કક્ષાના ૪૪થી વધુ વિદ્યાર્થીઓને ૧૨,૬૭,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવી છે. આમ, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા કુલ ૧,૦૬,૬૧,૫૧૦ રૂપિયાની આર્થિક સહાયથી ૩૦૩થી વધુ વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જ્વળ કારકિર્દીની તક પામ્યા છે.

## દિવ્ય પાર્ષદ દીક્ષા વિધિ સમારોહ



જગતના સર્વે મનુષ્યો રાત્રિ-દિવસ દોડાદોડ કરે છે તે સ્ત્રી અને દ્રવ્ય માટે. આ બંને મળી જવા છતાંય તેઓ દુ:ખી તો હોય જ છે અને એટલે જ આપણા નંદસંતોએ કીર્તનમાં કહ્યું છે કે, 'સંસાર છે સુખ-દુ:ખનો દરિયો, તેમાં તરી શકે કોઈક જ તરિયો.' આ સુખ-દુ:ખના સંસારને ઓળંગીને પ્રભુ ભજનના માર્ગે ચાલી નીકળેલા છ સાધક મુક્તોને તા. ૨૧-૧૦-૨૦૨૫, આસો વદ અમાસ ને મંગળવારના રોજ સવારે ૭:૩૦થી ૯:૩૦ દરમ્યાન વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે પાર્ષદ દીક્ષા આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પૂ. વરિષ્ઠ સંતો, અન્ય પૂ. સંતો તથા હરિભક્તોએ ઉપસ્થિત રહી આ પ્રસંગને માણ્યો હતો. તમામ સાધક મુક્તોએ વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે પાર્ષદી દીક્ષા મેળવી જીવનને ધન્ય બનાવ્યું હતું. આજરોજ વ્હાલા ગુરુજી દ્વારા તેઓના સાધકકાળનાં નામ બદલીને પાર્ષદી દીક્ષા આપ્યા બાદ નૂતન નામ આપવામાં આવ્યા હતા. જે અહીં નીચે જણાવ્યા મુજબ છે.

| સાધકમુક્ત | પાર્ષદ નામાવલિ | સાધકમુક્ત | પાર્ષદ નામાવલિ |
|---|---|---|---|
| ૧. શ્રવણ મહારાજ | પૂ. શ્રવણ ભગત | ૨. મનન મહારાજ | પૂ. મનન ભગત |
| ૩. નિદિધ્યાસ મહારાજ | પૂ. નિદિધ્યાસ ભગત | ૪. દાસત્વ મહારાજ | પૂ. દાસત્વ ભગત |
| ૫. નિખાલસ મહારાજ | પૂ. નિખાલસ ભગત | ૬. સરળ મહારાજ | પૂ. સરળ ભગત |

## પ્રિ-મુમુક્ષુ કેમ્પ

ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મૂર્તિસુખના યાત્રાલક્ષી આદર્શ પ્રૉજેક્ટ અન્વયે તા. ૨૯-૧૦-૨૦૨૫થી તા. ૨-૧૧-૨૦૨૫ એમ પાંચ-દિવસીય પ્રિ-મુમુક્ષુ કૅમ્પ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરની દિવ્ય સંકલ્પ ભૂમિ પર વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં યોજાઈ ગયો. જ્ઞાનસત્રનો લાભ લીધા બાદ એકાંત, વાંચન અને મનન દ્વારા આધ્યાત્મિક માર્ગે આગળ વધવા સવિશેષ બળ પ્રાપ્ત થાય તેવા હેતુથી આ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અનાદિમુક્તની સ્થિતિ પામવાના માર્ગે આગળ વધારવા માટે વ્હાલા ગુરુજીનો પ્રબળ સંકલ્પ જણાઈ રહ્યો હતો. આ કૅમ્પમાં વ્હાલા ગુરુજીએ તથા પૂ. સંતોએ જ્ઞાનસત્ર દરમ્યાન થયેલ પ્રાત: સભા આધારિત કથાવાર્તાની સવિશેષ પુષ્ટિ કરાવી બળ પ્રદાન કર્યું હતું. આ કૅમ્પમાં પાંચેય દિવસ દરમ્યાન પૂ. સંતો તેમજ STKના મુક્તોએ નાના નાના ગ્રૂપમાં ગ્રૂપ સભામાં લાભ આપી તમામ શિબિરાર્થી મુક્તોને ધન્ય બનાવ્યા હતા. આમ, આ પાંચ-દિવસીય કૅમ્પ દરમ્યાન ૬૫૦થી પણ વધુ મુક્તો શ્રવણ, મનન અને એકાંત કરી પોતાના ધ્યેયને પુષ્ટિ આપી મૂર્તિસુખની યાત્રાના માર્ગે આગળ વધ્યા હતા.



વિચારોનું અખંડ અનુસંધાન એ જ દૃઢાવ.

# દિવ્ય સંત દીક્ષા વિધિ સમારોહ









તા. ૫-૧૧-૨૦૨૫, કારતક સુદ પૂનમના (દેવ દેવાળીના) મંગલકારી દિને સાંજે ૫:૦૦થી ૮:૩૦ દરમ્યાન સ્વામિનારાયણ ધામની દિવ્ય ભૂમિ પર ભાગવતી દીક્ષા સમારોહ ઊજવાયો હતો. છેલ્લા છ વર્ષથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં રહીને સાધક તાલીમ કેન્દ્રની સર્વોચ્ચ તાલીમ પ્રાપ્ત કર્યા બાદ સાત પાર્ષદમુક્તોને આજરોજ ભગવી સેના સમ સંતજીવનમાં આગવું સ્થાન પ્રાપ્ત થયું. આ દિવસે સાત મુક્તોને વ્હાલા ગુરુજીએ સંત દીક્ષા આપી હતી. આજના દિને સંત થનાર મુક્તોના વાલીશ્રીઓ તથા પૂર્વાશ્રમનાં સગાંવ્હાલાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. નવી મુંબઈ, અમદાવાદ, ચરોતર, મહેસાણાના ઘણા હરિભક્તોએ દીક્ષા વિધિના સમારોહમાં જોડાઈને ધન્યતા અનુભવી હતી. આ દીક્ષાપ્રસંગ દ્વારા સમગ્ર લાભ લેનાર વર્ગને સાત દીક્ષાર્થી મુમુક્ષોના જીવનમાંથી તથા દીક્ષાર્થીના પૂર્વાશ્રમના વાલી મુક્તોમાંથી સમર્પણભાવનાના અનોખા પાઠ શીખવા મળ્યા હતા. પ્રસંગના પ્રારંભે કીર્તનભક્તિના સૂરો રેલાયા. ત્યારબાદ સર્વે દીક્ષાર્થી મુક્તનું આગમન થયું. સર્વે દીક્ષાર્થી મુક્તોએ ઘનશ્યામ મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજનું પૂજન-અર્ચન કરી દીક્ષા વિધિમાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ વ્હાલા ગુરુજી દ્વારા દીક્ષા વિધિનો આરંભ કરવામાં આવ્યો. પૂર્વાંગ પૂજા તથા ઉપચાર પૂજા કર્યા બાદ યજ્ઞ વિધિ પૂર્ણ કરીને વ્હાલા ગુરુજીએ પોતાની દિવ્યવાણી દ્વારા સૌ દીક્ષાર્થી મુક્તો તથા તેમના પૂર્વાશ્રમના વાલીશ્રીઓ ઉપર ઘણો રાજીપો જણાવ્યો હતો. યજમાનશ્રીઓ દ્વારા ગુરુજીનું પુષ્પહારથી પૂજન થયું હતું. પૂજનવિધિ બાદ ગુરુજીએ દીક્ષાર્થી મુક્તોને ભગવાં વસ્ત્રો અર્પણ કર્યાં તથા નૂતન નામકરણ વિધિનો લાભ આપ્યો હતો. ગુરુજીએ દીક્ષાર્થી મુક્તોને જનોઈ ધરાવવાનો લાભ આપ્યો તથા પૂ. ભક્તસ્વામીએ કંઠી ધારણ કરાવી હતી. પૂ. વડીલ સંતોએ પૂજનનો લાભ લીધો હતો. અંતિમ ચરણમાં વ્હાલા ગુરુજીએ નવદીક્ષિત તમામ સંતોનાં મસ્તક પર પાઘ ધારણ કરાવી નવદીક્ષિત સંતોનાં પૂર્ણ દર્શન કરાવ્યાં હતાં. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ ગદ્‌ગદભાવે મહાપ્રાર્થના કરાવી હતી. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ આ પ્રસંગે દિવ્ય રૂપે વિડિયો દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા. આમ, સંત દીક્ષા વિધિનો કાર્યક્રમ આનંદભેર પૂર્ણ થયો. આશરે ૧૨૦૦ જેટલા હરિભક્તોએ આ અમૂલ્ય દીક્ષાદર્શનનો લાભ લીધો હતો.

### સંત દીક્ષાર્થી નામાવલિ

| પાર્ષદમુક્ત | સંત નામાવલિ | પાર્ષદમુક્ત | સંત નામાવલિ |
|---|---|---|---|
| ૧. પૂ. દર્શન ભગત | પૂ. હરિપ્રિયદાસજી સ્વામી | ૨. પૂ. શ્રવણ ભગત | પૂ. સ્વયંપ્રકાશદાસજી સ્વામી |
| ૩. પૂ. મનન ભગત | પૂ. નિમગ્નપ્રિયદાસજી સ્વામી | ૪. પૂ. નિદિધ્યાસ ભગત | પૂ. હરિપ્રકાશદાસજી સ્વામી |
| ૫. પૂ. દાસત્વ ભગત | પૂ. હરિદર્શનદાસજી સ્વામી | ૬. પૂ. નિખાલસ ભગત | પૂ. શ્વેતદર્શનદાસજી સ્વામી |
| ૭. પૂ. સરળ ભગત | પૂ. હરિભૂષણદાસજી સ્વામી | | |

# એસ.એમ.વી.એસ.ના વિવિધ સેન્ટરોમાં ઊજવાયેલ ચાતુર્માસ પારાયણ




'કથાવાર્તા વિના રૂડા ગુણ આવે નહીં...'

સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપનાથી લઈ અત્યાર સુધી સેવા અને સમાગમને વિશેષ પ્રાધાન્ય અપાતું રહ્યું છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ વર્ષો સુધી નિરંતર કથાવાર્તાના અખાડા ચલાવ્યા છે. વર્તમાનકાળે વ્હાલા ગુરુજી તથા પૂ. સંતો પણ દિવસ-રાત જોયા વિના સતત વિચરણ કરીને કથાવાર્તાના અખાડા ચલાવી એ જ પરંપરાને જીવંત રાખી રહ્યા છે. પવિત્ર ચાતુર્માસ દરમ્યાન સંસ્થાના દેશ-વિદેશમાં પથરાયેલા વિવિધ મંદિરો, કેન્દ્રો તથા મંડળોમાં ગુરુજીના આદેશથી પૂ. સંતોએ ચાતુર્માસ નિમિત્તે પારાયણો તથા સત્સંગ સભાઓ યોજીને જીવન ઉપયોગી અનેકવિધ વિષયો પર કથાવાર્તાનો લાભ આપી સમગ્ર સત્સંગ સમાજને મહિમાકારે કર્યો હતો. સંસ્થાના તમામ ઝોનમાં કુલ ૨૩૭ કરતાં પણ વધુ પારાયણો યોજાઈ. જેમાં ૧,૨૩,૭૧૨ કરતાં પણ વધુ હરિભક્તો કથાવાર્તાનો લાભ લઈ સત્સંગ અને મહિમાથી હર્યાભર્યા થયા હતા.















કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૧૭-૧૦-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૬,૮૩૮થી વધુ અધ્યાત્મ માર્ગના યાત્રીઓને અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૦-૧૦-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે નૂતન વર્ષ નિમિત્તે આયોજિત અન્નકૂટોત્સવમાં સ્વહસ્તે ઠાકોરજી માટે પ્રસાદી બનાવી દાસત્વની રીત શીખવી હતી. તેમજ અન્નકૂટ ઉત્સવની આરતીનો તથા દર્શન-આશીર્વાદનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ દિવાળી નિમિત્તે ઊજવાયેલ ચોપડાપૂજનમાં દિવ્યવાણીનો લાભ આપી સૌને કૃપાવંત બનાવ્યા હતા. આ પ્રસંગે ૧૧૪૯થી પણ વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઈન ઉપસ્થિત રહી **વ્હાલા ગુરુજી**નો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** સ્થિત સંસ્થાની મહિલા પાંખના મુખ્ય મથક **ભક્તિનિવાસ** ખાતે પધારી પ્રેમીમુક્તોના કાલાવાલાનો સ્વીકાર કરી અન્નકૂટ આરતીનો લાભ આપ્યો હતો. આ પ્રસંગને ૧૬૫૦થી પણ વધુ મુક્તોએ ઉપસ્થિત રહી માણ્યો હતો.

**તા. ૨૨-૧૦-૨૦૨૫**ની નૂતન વર્ષની નવલી પ્રભાતે **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર, ઇસનપુર, ગોધર, બાયડ** ખાતે પ્રભુને રીઝવવા કરેલ અન્નકૂટ ઉત્સવની આરતીનો લાભ આપ્યા બાદ સત્સંગ સમાજને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે સંસ્થાના આદ્ય મંદિર **વાસણા** ખાતે નૂતન વર્ષની અન્નકૂટ આરતીનો લાભ આપી ૨૩૦૦થી વધુ મુક્તોને આશીર્વાદ સભામાં સુધાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્ન સમયે **ગોધર** ખાતે અન્નકૂટ આરતી તથા આશીર્વાદ સભાનો લાભ આપી ૧૩૨૦૦થી વધુ ભાવિક ભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૨૯-૧૦-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સવારે પ્રિ-મુમુક્ષુ કેમ્પના તથા મહારાજને વિષે અતિશે પ્રીતિવાળા હિન્દીભાષી મુક્તોને પોતાની દિવ્યવાણીનો લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં.

**તા. ૨-૧૧-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે રાત્રિ સમયે બાપાશ્રી પ્રાગટ્ય દિન ઉપક્રમે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લેનાર ૨૨,૦૩૯થી વધુ મુક્તોને અનરાધાર કૃપા-સંકલ્પ-આશીર્વાદ સરવાણીથી ભીંજવ્યા હતા.

**તા. ૫-૧૧-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં ૩૬,૮૪૪થી વધુ પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લેનાર મુમુક્ષુ મુક્તોને પોતાની અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપ્યા બાદ ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીજનને સુખિયા કર્યા હતા.

**તા. ૮-૧૧-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **સેક્ટર-૬, ગાંધીનગર** ખાતે હેપી ફેમિલિ સભા અંતર્ગત ૪૦૬૨થી વધુ મુક્તોને હેપી ફેમિલિ કરવાનાં મૂલ્યો વિષે અનુપમ શીખ શીખવી હતી.

**તા. ૧, ૨, ૩ નવેમ્બર** તેમજ **તા. ૮, ૯, ૧૦ નવેમ્બર**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ઑનલાઇન ઉપસ્થિત રહી વિદેશ વસતા પ્રેમીજનોના કોડ-મનોરથ પૂર્ણ કરવા ૧૫થી વધુ દેશના ૧૫૦૫થી વધુ મુક્તોને નૂતન વર્ષનાં દર્શન-આશીર્વાદ અને રાજીપો આપી મહારાજ, મોટાના રાજીપાના માર્ગમાં આગળ વધવાનું અનેરું બળ પ્રેર્યું હતું.

**તા. ૯-૧૧-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **સાણંદ** ખાતે પધરામણીનો લાભ આપી પ્રેમીજનના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૧૦-૧૧-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગાંધીનગર, સે.૬** ખાતે પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તના ભાવનો સ્વીકાર કર્યો હતો.



ધ્યેયનું અખંડ અનુસંધાન એ જ અંતર્વૃત્તિ.

# હૃદય, ફેફસાં અને હાથ-પગની નસોની

## ગંભીર બીમારીઓનો કાયમી ઉકેલ જોઈએ છે ?



**તો SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલના**

**નિષ્ણાત ડૉક્ટર આપી રહ્યા છે શ્રેષ્ઠ સારવાર...**

### ડૉ. ભૂપેશ શાહ

(M.CH, D.N.B)

કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન (CVTS)
બાયપાસ, હૃદયના વાલ્વની સર્જરીના નિષ્ણાત

### ડૉ. તુષાર શર્મા

(MBBS, MS, M.CH)

કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન (CVTS)
બાયપાસ, હૃદયના વાલ્વની અને નસોની બીમારી, ફેફસાં તથા હાથ-પગની વૅરિકોસ વેઇન્સની સર્જરી નિષ્ણાત

### ઓ.પી.ડી. સમય

**સોમવારથી શનિવાર**

સવારે 9:30થી બપોરે 12:00 વાગ્યા સુધી

## CVTS વિભાગ હેઠળ કરવામાં આવતી સર્જરીઓ

- હાર્ટ બાયપાસ સર્જરી (CABG)
- વાલ્વ રિપ્લેસમૅન્ટ / રિપેર
- હૃદયની ધમનીઓના બ્લૉકેજની સર્જરી
- જન્મથી હૃદયની ખામીની સર્જરી
- ફેફસાં અને થોરાસિક સર્જરી
- હૃદયરોગ બાદની ઈમરજન્સી સર્જરી
- પગની નસોમાં બ્લૉકેજ માટે વૅરિકોસ વેઇન્સની સર્જરી, DVT માટેની સર્જરી

**મા કાર્ડ અંતર્ગત નિ:શુલ્ક કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જરીની (CVTS) સુવિધા ઉપલબ્ધ**

**દરેક વીમા કંપનીના કેશલેસની સુવિધા ઉપલબ્ધ**

SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - 382 421

વધુ માહિતી માટે કૉલ કરો : 63 59 77 07 25

info@smvshospital.com

Follow us :

ક્રોધનો પ્રારંભ મૂર્ખામીથી અને અંત પસ્તાવાથી થાય છે.

# મૂર્તિસુખે સુખિયા

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :

મૂ.નિ. છનાલાલ સોમનાથ સુથાર, ઉંમર વર્ષ-૮૪, ચાંદખેડા; તા. ૨૧-૧૦-૨૦૨૫

મૂ.નિ. પ્રભુભાઈ ત્રિભોવનદાસ પટેલ, ઉંમર વર્ષ-૭૪, વનપરડી; તા. ૨૧-૧૦-૨૦૨૫

મૂ.નિ. બેચરભાઈ પ્રાણભાઈ સીતાપરા, ઉંમર વર્ષ-૭૭, નારીચાણા; તા. ૨૫-૧૦-૨૦૨૫

મૂ.નિ. બચુભાઈ રામજીભાઈ વાવિયા, ઉંમર વર્ષ-૭૦, નવી મુંબઈ; તા. ૨૫-૧૦-૨૦૨૫

મૂ.નિ. સુનીલભાઈ હર્ષદકુમાર ઠક્કર, ઉંમર વર્ષ-૨૫, વાસણા; તા. ૩૦-૧૦-૨૦૨૫

મૂ.નિ. રાકેશભાઈ રવજીભાઈ વસાણી, ઉંમર વર્ષ-૪૮, નિકોલ; તા. ૧-૧૧-૨૦૨૫

મૂ.નિ. રમણભાઈ બાબરભાઈ દવે, ઉંમર વર્ષ-૮૨, મણિનગર; તા. ૫-૧૧-૨૦૨૫

મૂ.નિ. ગિરીશકુમાર ચંદ્રકાંત જાની, ઉંમર વર્ષ-૭૩, મુંબઈ; તા. ૫-૧૧-૨૦૨૫

મૂ.નિ. અરુણભાઈ પ્રાણશંકરભાઈ પંડ્યા, ઉંમર વર્ષ-૮૨, મણિનગર; તા. ૮-૧૧-૨૦૨૫

મૂ.નિ. ભરતભાઈ રમણલાલ સ્વદાસ, ઉંમર વર્ષ-૭૩, શિકાગો; તા. ૮-૧૧-૨૦૨૫

મૂ.નિ. પ્રફુલ્લભાઈ સી. અમીન, ઉંમર વર્ષ-૮૫, ચેરીહિલ; તા. ૯-૧૧-૨૦૨૫

મૂ.નિ. સાંકળભાઈ નરસિંહભાઈ પટેલ, ઉંમર વર્ષ-૧૦૩, સાપડિયા (ગોધરા); તા. ૧૦-૧૧-૨૦૨૫

મૂ.નિ. મનહરભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૮, ડેભારી (વીરપુર); તા. ૧૦-૧૧-૨૦૨૫

મૂ.નિ. હરિહરભાઈ દશરથલાલ દેવાશ્રયી, ઉંમર વર્ષ-૭૯, સુરત; તા. ૧૦-૧૧-૨૦૨૫



સુરત સેન્ટરના ઘરધણી હરિભક્ત હરિહરભાઈ દેવાશ્રયી મૂર્તિસુખે સુખિયા થયા છે. સ્વભાવે નિર્દોષ અને ગરીબ તેમજ મહારાજ અને મોટાપુરુષનો ખૂબ મહિમા સમજી રાજીપાના પાત્ર બન્યા હતા. તેઓના પરિવારમાંથી સંસ્થાને પૂ. વૈરાગ્યસ્વામીની ભેટ મળી છે. તેઓ અવરભાવમાં પૂ. વૈરાગ્યસ્વામીના પૂર્વાશ્રમના મોટા ભાઈ થાય.

મૂ.નિ. રંજનબેન બદરીપ્રસાદ મલ્લી, ઉંમર વર્ષ-૬૫, કાલુપુર; તા. ૧૮-૧૦-૨૦૨૫

મૂ.નિ. જશોદાબેન રણછોડભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૯, વાસણા; તા. ૨૮-૧૦-૨૦૨૫

મૂ.નિ. ગંગાબેન પ્રભુદાસભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૧, વાવિયા મુવાડા; તા. ૩૧-૧૦-૨૦૨૫

મૂ.નિ. સીતાબા બચુસિંહ રાઠોડ, ઉંમર વર્ષ-૬૨, મહુડી (વિજાપુર); તા. ૧૧-૧૧-૨૦૨૫

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.





The Gir cow farm
SMVS
Swaminarayan Gir Gaushala

: દાન-સેવાની વિગત :

એક ગાયના ઘાસચારાની તથા દાણની સેવા........... ₹ ૨૫૦૦/-
કુલ ગાયોના ઘાસચારાની સેવા....................... ₹ ૨૫૦૦૦/-
કુલ ગાયોના ખોળદાણની સેવા....................... ₹ ૩૫૦૦૦/-
એક ગૌ દાનની સેવા................................ ₹ ૫૧૦૦૦/-

ગૌ સેવાનો અણમોલ લાભ લઈએ...

+91 98795 11550, +91 87329 91202 | for more details visit - www.smvs.org











## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ












(૧-૨) વિદેશના હરિભક્તોને ઑનલાઇન દર્શન તથા ABS કેમ્પમાં લાભ (૩) સાણંદ ખાતે મંદવાડમાં ભક્તોને દર્શન (૪-૭) સે. ૬ ખાતે પધરામણી તથા હૅપી ફૅમિલિ જાહેરસભામાં મહાનુભાવોને દર્શન-આશીર્વાદ (૮) સ્વા. ધામ ખાતે ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી મેહુલભાઈ દવેને દર્શન-આશીર્વાદનો લાભ

Ghanshyam, December-2025 Published on 10-12-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.


# SMVS APP
## One Stop For All Solutions

Categorize Search

Personalized Library

Quick Access

**DOWNLOAD NOW**

SCAN ME

SCAN ME

App Store

Play Store







પધારો... પધારો... પધારો...

બાવળા શહેરને આંગણે...

નૂતન મંદિરમાં

# દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ

તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ | રવિવાર

સમય : સવારે ૭થી ૧

દિવ્ય સ્થળ

SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર,
ધોળકા રોડ, બાવળા

